## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




બેન મને લાગે છે...આ લીંબુ તેલની જેમ યુક્રેનથીજ આવતા હશે...!

## છાલામાં અર્બુદા માતાજી મંદિરે પ્રથમ પાટોત્સવ



ચિલોડા, તા. ૮

જિલ્લાના છાલા ગામે અર્બુદા માતાજીનો પ્રથમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અર્બુદા ભીમનાથ મહાદેવ યુવક મંડળ દ્વારા તથા ચૌધરી સમાજના આગેવાનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં ગામના સરપંચ દિલીપભાઈ રમણભાઈ તથા અર્બુદા મંડળના આગેવાન જીતુભાઈ કરશનભાઈ અને યુવા મિત્રોના સાથ-સહકારથી રાત્રે ગરબા અને શોભાયાત્રા દાતાઓનું સન્માન તેમજ અન્ય ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતા. આ ઉપરાંત ભોજન પ્રસાદ સાથે સાંજે મહાઆરતીનું આયોજનમાં ગ્રામજનો ઉપસ્થિત રહી ધાર્મિક દન્યતા અનુભવી હતી.

## સરદાર ઉપાસના મંદિરમાં ગરબા ગાઈ વિદ્યાર્થિનિઓએ આનંદ માણ્યો



ગાંધીનગર, તા. ૮

સંકુલ સાદરાના કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનિઓએ સરદાર ઉપાસના મંદિરમાં ગરબા ગાઈ આનંદ માણ્યો. સતત ચાલતા વિદ્યાભ્યાસની સાથે ગૃહકાર્ય, શ્રમકાર્ય, સફાઈકાર્ય, ઉદ્યોગકાર્યની સ્વાવલંબી પ્રવૃત્તિઓ વચ્ચે આનંદ પ્રમોદ માટે, માનસિક સ્વાસ્થ્ય માટે આ ગરબાનું આયોજન મહામંત્રી ભાવના ચાવડા દ્વારા કરાયુ. ગૃહમાતા સ્મીતા ગામીત અને સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ દ્વારા જરૂરી વ્યવસ્થાઓ પુરી પડાઈ છે.

### જિલ્લાના બુટલેગરો પર તવાઈ

# જિલ્લા પોલીસની ૫૪ ટીમો દ્વારા ૨૫૧ જગ્યા પર દરોડા

### વિદેશી દારુની ૫૭ બોટલ અને ૧૩ નંગ બિયર મળી કુલ રૂ.૫૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આજે વહેલી સવારે પ્રોહીબિશનની ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. એલસીબી,એસઓજી સહિત ૫૪ ટીમો દ્વારા ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ મથક વિસ્તારમાં કુલ ૨૫૧ સ્થળ પર રેઈડ પાડવામાં આવી હતી. જેથી જિલ્લાના બુટેલગરોમાં ભાગદોડ મચી ગઈ હતી. ચાર કલાકની ડ્રાઈવમાં પોલીસને ૧૦૯ જગ્યા પરથી દેશી દારુ, વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂનો વોશ પોલીસે ઝડપી પાડયો હતો. જિલ્લા પોલીસે ૮૩ બુટલેગરોનો કુલ રૂ.૫૬૬૩૭ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરુણ દુગ્ગલે ચાર્જ સંભાળતા જ જિલ્લામાં ચાલતી દેશી દારુની ભઠ્ઠીઓ તેમજ વિદેશી દારુની ગેરકાયદેસર પ્રવૃતિ પર પોલીસ તુટી પડતા બુટલેગરોની ઉંઘ ઉડી ગઈ હતી. સમગ્ર જિલ્લામાં પોલીસ દ્વારા ૨૫૧ રેઈડ પાડી હતી. જેમાં ૧૦૯ સ્થળો પર પોલીસને મુદ્દામાલ હાથ લાગ્યો હતો. જયારે બાકી ૧૪૨ જગ્યા પર પોલીસને કંઈપણ હાથ ન લાગતા નીલ રેઈડ કરાઈ હતી. પોલીસની સવારે ચાર થી આઠ દરમિયાન સરપ્રાઈઝ ડ્રાઈવ




દરમિયાન ૮૩ બુટલેગર પોલીસને હાથ લાગ્યા હતા. જયારે ૬૫૪ લીટર દેશી દારુ, વોશ લીટર ૫૨૧૪ તેમજ વિદેશી દારુની નંગ-૫૩ તેમજ બિયર નંગ-૧૩ મળી કુલ રૂ.૫૬,૬૩૭ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે એલસીબી પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ ટીમના સભ્યોએ સાંતેજ ગામના મકાનમાં રેઈડ પાડીને ૫૩ નંગ વિદેશી દારુ, અને ૧૩ નંગ બિયર સાથે આરોપી આકાશ બાબુજી ઠાકોર (રહે. અંબાજીપરૂ, મેલડી માતાના મંદિર સામે મકાનમાં સાંતેજ ગામ), તેમજ અન્ય એક વોન્ટેડ અજીતજી ઉર્ફે ગુંડો નારણજી ઠાકોરે સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પડતર પ્રશ્નો અંગે સરકાર સામે નર્સિંગ યુનિયન મોરચો માંડશે

ગાંધીનગર, તા.૮

સમગ્ર રાજયના ડોકટર્સ પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવતા હડતાલ પર હતા. જયારે સરકારે ડોકટરના પ્રશ્નોનો ઉકેલ લાવતા હડતાલ સમેટાઈ છે. ત્યારે આગામી તા.૧૧ મી થી છાવણી ખાતે જીએમઈઆરએસ નર્સિંગ યુનિયન પોતાની પગાર, પ્રમોશન, રજા અને ભથ્થા સહિતની માંગણીઓને લઈ સરકાર સામે મોરચો માંડવાની તૈયારી કરી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત આઠ મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફની પડતર માંગણીઓનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. જો કે નર્સિંગ સ્ટાફ દ્વારા ગત વર્ષે હડતાલનું શસ્ત્ર ઉગામતા સરકારે વાટાઘાટો કરીને પ્રશ્નો અંગે ઠરાવો કરતા હડતાલ સમેટાઈ ગઈ હતી. તાજેતરમાં રાજયના ડોકટર દ્વારા પડતર પ્રશ્નોને લઈ હડતાલ પાડતા સરકારે માંગણીઓ સ્વીકારતા ડોકટર્સની હડતાલ સમેટાઈ ગઈ છે. ત્યારે એક પછી એક કર્મચારીઓના યુનિયન સરકાર સામે લડી લેવાના મુડમાં હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે જીએમઈઆરએસ નર્સિંગ સ્ટાફ દ્વારા પડતર માંગણીઓ મુદ્દે ફરીવાર સરકાર સામે બાંયો ચડાવી છે. રાજયના મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી, અને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સહિત ઉચ્ચ અધિકારીઓને અનેકવાર આવેદન પત્ર પાઠવવામાં આવ્યા છે તેમ છતા હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ત્યારે આગામી તા.૧૧ એપ્રિલ થી પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે નર્સિંગ યુનિયન ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. સરકાર દ્વારા સત્વરે હકારાત્મક નિર્ણય નહી લેવામાં આવે તો નર્સિંગ સ્ટાફ દ્વારા હડતાલનું શસ્ત્ર ઉગામશે. જયારે નર્સિંગ સ્ટાફ પણ પોતાની કામગીરી થી અળગા રહીને પોતાનો વિરોધ નોંધાવશે.

## ચિલોડા સ્થિત વ્રજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે વિશ્વ આરોગ્ય દિન ઉજવાયો

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા-સાદરા રોડ પર આવેલી વ્રજ ઈન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગ સાયન્સ કોલેજ અને રીસર્ચ સેન્ટર ખાતે વિશ્વ આરોગ્ય દિન અંતર્ગત વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. આ કાર્યક્રમમાં ચિલોડા પે આરોગ્ય કેન્દ્રના ડૉ. કૌશલભાઈ નાયક, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-ગાંધીનગરના પેરાલીગલ વોલન્ટીયર્સ નટુભાઈ પટેલ પત્રકાર, વિશ્વજીતભાઈ પટેલ, સંસ્થાના પ્રિન્સિપાલ અશ્વિનભાઈ એલ. પટેલ વગેરે મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ વિશ્વ આરોગ્ય દિન અંતર્ગત વિવિધ કાર્યક્રમો જેવા કે રંગોળી, વૃક્ષારોપણ, યોગાસન નિદર્શન સહિત અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે ડૉ. કૌશલ નાયકે ઉદ્‌બોધનમાં આરોગ્યલક્ષી સેવાઓની મહત્તા વિશે જનજાગૃત્તિ કેળવાય તેવી માહિતી આપી હતી. જયારે




પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલે અતિથિપદેથી વિશ્વ આરોગ્ય દિવસની સ્થાપના, મુખ્ય હેતુઓ અને આરોગ્યલક્ષી સેવાઓમાં શારિરીક માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય અંગે તેમજ વિશ્વસ્તરે આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ અને મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપાલ અશ્વિનભાઈ પટેલ તથા પ્રાધ્યાપકગણ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર સ્પર્ધકોને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહન ઈનામ ભેટ અર્પણ કરવામાં આવી હતી.

## ખૂણેખાંચરેથી

● દહેગામમાં બોર્ડની પરીક્ષામાં વ્યાપક ચોરી થતી હોવાની ફરિયાદ સીએચઓ સુધી પહોંચતા આજે શિક્ષણ તંત્ર દોડતુ થયુ હતુ. દહેગામમાં એક સાથે ત્રણ સ્કવોર્ડની ટીમો પણ ત્રાટકી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લાના પ્રાથમિક શિક્ષકોએ આજે જુની પેન્શન યોજના ચાલુ કરવા તેમજ પગારની વિસંગતતાને મુદ્દે કલેક્ટર કચેરીએ આવેદન-પત્ર આપ્યુ છે.

● ૧૧મીએ ઈ.ગ્રમામ સેવા સોસાયટીની બોર્ડ બેઠક યોજાશે.

● આજે ડભોડા હનુમાનજી મંદિર ખાતે આયુર્વેદનો મેગા નિદાન કેમ્પ યોજાશે.

● જિલ્લા શિક્ષણ સમિતિની બેઠક ૧૩મી એપ્રિલે જિલ્લા પંચાયત ખાતે મળશે.

● બેંક ઓફ બરોડામાં માર્ચ પતી ગયાના ૮ દિવસ બાદ ગ્રાહકોના સેવિંગ્સ ખાતાઓમાં વ્યાજ જમા નહિ થતાં ગ્રાહકોની પરેશાની વધી છે.

● ગુજરાત સચિવાલય ફેડરેશનના જયેશ રાવલ અને મહેશસિંહ વાઘેલાએ રાજયના મુખ્યમંત્રીને મોંઘવારી ભથ્થાના ૬ ટકાનો હપ્તો છુટો તાકીદે કરવા માંગ કરતો પત્ર લખ્યો છે.

● સે. ૧૫ની એલ.ડી.આર.પી. કોલેજ ખાતે પ્રોજેક્ટ ફેરનું આયોજન કરાયુ હતુ જેમાં ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ તેમના પ્રોજેક્ટ્સ રજુ કર્યા હતા.

● છાલા ખાતે અર્બુદા માતાજીના પ્રથમ પાટોત્સવની ભાવ-ભક્તિપૂર્વક ઉજવણી કરવામાં આવી છે.

● ચિલ્ડ્રન યુનિ.નો પદવીદાન સમારોહ ૨૧મી એપ્રિલે યોજાશે.

## સરગાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ પાસેથી બે સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૮

પાટનગરમાં ન્યું ગાંધીનગર તરીકે વિકસેલા સરગાસણ રેઈન ફોરેસ્ટ કોમ્પ્લેક્ષ પાસે આવેલી શ્રીનાથ કોમ્પ્લેક્ષમાં કન્સ્ટ્રક્શની ઓફિસમાં બેસી રહેલા બે શખ્સોને આઈપીએલ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે પકડી પાડી મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ.૩૨ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાટનગરમાં આઈપીએલ મેચ શરુ થતા જ બુકીઓ અને પંટરો સક્રિય થઈ ગયા છે. ત્યારે ગાંધીનગરમાં આઈપીએલ ક્રિકેટ મેચનો ઓનલાઈન સટ્ટો રમતા સટ્ટોડીયાને પકડી પાડવા માટે નવ નિયુકત જિલ્લા પોલીસ વડાની સુચનાથી એલસીબી પીઆઈ જે. એચ. સિંધવની ટીમ દ્વારા બાતમીદારોને સક્રિય કરવામાં આવ્યા હતા. જેને પગલે પોલીસને બાતમી મળી હતી કે સરગાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩ માં આવેલી શ્રીનાથ કન્સ્ટ્રકશનની ઓફિસ ખાતે બેસતા બે શખ્સો પોતાના મોબાઈલમાં એપ્લિકેશ નથી સટ્ટો રમે છે. જેથી એલસીબી ટીમે




સ્વાગત રેઈન ફોરેસ્ટ પાસે ચા ની કીટલી પાસે બેસી રહેલા જયદીપ ભરતભાઈ સખરેલીયા (રહે. દેવનંદર સમિત બ્લોક નં.સી.૩૦૩), અને જય કનુભાઈ પટેલ (રહે રામવાડી પંચવટી કલોલ) ને પકડી પાડ્યા હતા. પોલીસે સટ્ટોડીયાની પુછપરછ કરતા બંન્ને પાસેથી મોબાઈલ ફોન મળી આવ્યા હતા.મોબાઈલ ફોનની તપાસ કરતા એપ્લિકેશ દ્વારા સટ્ટો રમી રહ્યા હતા. આ ઉપરાંત તેઓ બીજા વ્યકિતઓને પણ મેચનો સટ્ટો રમવા માટે યુઝર આઈડી અને પાસવર્ડ પણ પુરા પાડી રહ્યા હતા. પોલીસે સટ્ટોડીયાઓ પાસેથી બે મોબાઈલ ફોન અને રોકડ રૂપીયા મળી કુલ રૂ.૩૨હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# યુવરાજસિંહની ધરપકડ સામે ચોતરફ સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોમાં વધતો રોષ

### સે.૧૬માં પ્રમુખ રીડીંગ લાયબ્રેરી પાસે આશરે ૨૦૦ જેટલાં યુવાનોએ સ્વયંભૂ રીતે એકઠાં થઇને સુત્રોચ્ચાર કર્યા : રાજ્યભરમાં ઠેર ઠેર યુવાનોના દેખાવો : યુવરાજસિંહને મુક્ત કરવાની માંગ સાથે સોશિયલ મિડીયા પર અભિયાન છેડાયું

ગાંધીનગર, તા.૦૮

યુવા આંદોલનકારી વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાની ધરપકડ અંગે રાજ્યામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતાં ઉમેદવારોમાં રોષની લાગણી પ્રવર્તવા ઉલ્લેખનીય છે કે યુવરાજસિંહની ધરપકડથી રાજ્યભરના ઉમેદવાર યુવાનોમાં ભાજપ સરકાર પ્રત્યે રોષની લાગણી પ્રવર્તતી જોવા મળી રહી છે.

ગાંધીનગર સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે તાલીમનું હબ ગણાય છે અને અંહી રાજ્યભરમાંથી હજારોની સંખ્યામાં યુવા ઉમેદવારો વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે હંગામી વસવાટ કરી રહ્યાં છે. આ ઉમેદવારોમાં યુવરાજસિંહ જાડેજા ખૂબ લોકપ્રિય છે કેમકે યુવરાજસિંહે સરકારના વિવિધ વિભાગો દ્વારા ભરતી પ્રકીયા અંતર્ગત બિનસચિવાલય કલાર્કથી માંડીને ઉર્જા વિભાગ સુધીની લેવાનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિ તેમજ કૌભાંડો બહાર પાડીને યુવાનોની કારકિર્દીને રોળાતાં અટકાવી છે. છેલ્લે વિદ્યાસહાયકોની માંગણીને સમર્થન આપવાં યુવરાજસિંહ જોડાયાં હતા જ્યાં પોલીસ સાથે સર્જાયેલા ઘર્ષણ બાદ પોલીસ કોન્સ્ટેબલ પર કાર ચડાવવાના કથિત પ્રયાસના આરોપમાં યુવરાજસિંહની ધરપકડ કરીને તેમના પર ગંભીર આરોપો લગાડાયાં છે. યુવરાજસિંહના સમર્થનમાં રોષ વ્યક્ત કરી રહેલાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોનું માનવું છે કે "સરકાર દ્વારા યુવરાજસિંહનો અવાજ દબાવી દેવાં તેને ખોટી રીતે ફસાવાયો છે જેથી સરકારે સત્વરે તેની સામેના કેસો પરત ખેંચીને તેને મુક્ત કરવો જોઈએ". યુવાનો દ્વારા આ માંગણીના સમર્થનમાં સોશિયલ મિડીયા પર પણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પાટનગરમાં ચાલી રહેલાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ કેન્દ્રો, કલાસિસ અને રીડીંગ લાયબ્રેરીમાં વાંચન માટે જોડાયેલાં ઉમેદવારો દ્વારા સોશિયલ મિડીયા પર નક્કી કરીને વિવિધ સ્થળે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે જે અંતર્ગત આજે આશરે પાંચ વાગ્યાના સુમારે સેક્ટર-૧૬માં બેંક ઓફ બરોડાની પાછળ પ્રમુખ પ્રમુખ રીડીંગ લાયબ્રેરી આગળ આશરે ૨૦૦ જેટલાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોએ સ્વયંભૂ રીતે એકઠાં થઈને સુત્રોચ્ચાર કરીને સરકાર વિરુદ્ધ રોષ વ્યક્ત કરવા સાથે યુવરાજસિંહ જાડેજાને મુક્ત કરવા અંગે માંગ કરી હતી.




#### યુવરાજસિંહનો ફોટો પ્રોફાઇલ પિક્ચરમાં રાખવા અપીલ




યુવરાજસિંહ જાડેજા તેનું સમગ્ર અભિયાન વિદ્યા સારથિ નામની સોશિયલ મીડિયા પરની એક ચેનલ દ્વારા ચલાવતા હતા જેમાં રાજ્યભરના સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો સહિત અસંખ્ય નોકરીવાંચ્છુ બેરોજગાર યુવાનો પણ જોડાયેલા છે. આ યુવાનો દ્વારા યુવરાજસિંહ જાડેજાના સમર્થનમાં સોશિયલ મીડિયા પર ખૂબ પ્રતિક્રિયાઓ આપવામાં આવી રહી છે અને સરકાર પર અને ખાસ કરીને હવે શિક્ષણ મંત્રી પર પણ અનેક ટીપ્પણીઓ કરવામાં આવી રહી છે. સોશ્યલ મીડિયા પર રોષ ઠાલવવા સાથે યુવાનો દ્વારા એકબીજાને યુવરાજસિંહ જાડેજાનો ફોટો મોકલીને તે ફોટો પોતાના સોશિયલ મીડિયાના પ્રોફાઈલ પિક્ચર કે ડીપી તરીકે રાખવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

પામી છે. ગઈકાલે સાંજે ગાંધીનગરમાં સેક્ટર-૧૬ ખાતેની પ્રમુખ રીડીંગ લાયબ્રેરી આગળ આશરે ૨૦૦ જેટલાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોએ સ્વયંભૂ રીતે એકઠાં થઈને સુત્રોચ્ચાર કરીને સરકાર વિરુદ્ધ રોષ વ્યક્ત કરવા સાથે યુવરાજસિંહ જાડેજાને મુક્ત કરવા અંગે માંગ કરી હતી. અત્રે

#### આપ પાર્ટીએ ગૃહમંત્રીને લેખિત રજુઆત કરી

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીની યુથ વિંગ દ્વારા રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીને પત્ર લખીને યુવરાજસિંહ જાડેજા પર કરવામાં આવેલા કેસો પરત લેવા તેમજ ભરતીમાં કોઇ ગેરરીતિ ના થાય તેવી તકેદારી રાખવા રજુઆત કરવામાં આવી છે. આ પત્રમાં આમ આદમી પાર્ટી દ્વારા યુવરાજસિંહ જાડેજા પર લાગડેલા આરોપો ખોટા હોવાના આક્ષેપો કરવા સાથે તેનો અવાજ દબાવી દેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનું જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુવરાજસિંહ જાડેજા આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા છે પરંતુ છેલ્લા કેટલાંક સમયથી તેઓ પાર્ટીથી અંતર રાખીને પોતાની ચળવળ ચલાવી રહ્યાં હતા જેના કારણે તેઓ આપને છોડી રહ્યાં હોવાની અટકળો પણ ચાલી રહી છે.

## બોગસ પુરાવા ઉભા કરી જમીન ખરીદી કરનાર મહિલા સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર નજીક આવેલા સોનારડા ગામના ખેડુતની જમીન ત્રણ દાયકા અગાઉ બોગસ ખેડુત ખાતેદારના દાખલાને આધારે મહિલા સામે ડભોડા પોલીસ મથકે ગુનો દાખલ કરાયો છે. મહિલાએ ખરીદેલી જમીન વેચાણ કર્યા પછી સમગ્ર જમીન કૌભાડ સામે આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.દસક્રોઈના બીલાસીયા ગામનો ખેડુત ખાતેદારનો ખોટો દાખલો ઉભો કરવામાં આવ્યો હતો. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરની આસપાસ જમીનના ભાવ ઉંચકાતા ભુમાફિયા સક્રિય થઈ ગયા છે. ગાંધીનગરમાં આંતરે દિવસે જમીનના ડખા સામે આવે છે. ત્યારે ખેડુત હોવાના ખોટા પુરાવા ઉભા કરી જમીનો ખરીદવામાં આવી રહી છે. બોગસ ખેડુત બનવા માટે વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓના છુપા આશિર્વાદથી મોટું કૌંભાડ ચાલી રહ્યું છે. ત્યારે ગાંધીનગર નજીક સોનારડા ગામમાં અમદાવાદના સૈજપુર ખાતે રહેતી મહિલાએ ત્રણ દાયકા પહેલા બોગસ ખેડુત ખાતેદારના દાખલાથી જમીનની ખરીદી કરી હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરના સેકટર-૫ બી ખાતે રહેતા અને મુળ સોનારડા ગામના વતની જશુભાઈ ઉર્ફે નાના ભાઈ સોમાભાઈ પટેલે ફરીયાદ નોંધાવી છે કે સોનારડા ગામમાં તેમની વડીલોપાર્જીત જમીન વર્ષ-૧૯૯૩ માં કૃષ્ણનગર સૈજપુર ખાતે રહેતા રેખાબેન પ્રહલાદભાઈ જૈને ખરીદી કરી હતી. આ જમીનની ખરીદી માટે તેણીએ દસક્રોઈ ના બીલાસીયા ગામના ખેડુત ખાતેદારનો દાખલો રજુ કર્યો હતો.જેને પગલે તેમને વેચાણ દસ્તાવેજ કર્યો હતો. જો કે વર્ષ ૨૦૨૧ માં તેમણે આ જમીન અન્ય વ્યકિતને વેચી મારી હતી. ત્યારે આ મુદ્દે બીલાસીયા ગામમાં તપાસ કરતા રેખાબેન દ્વારા દર્શાવવામાં આવેલ કોઈ જમીન કે બ્લોક નંબર પણ નહી હોવાનું સામે આવ્યું છે.

# રાજ્યના સરકારી તબીબોની હડતાળનો સુખદ અંત

ગાંધીનગર, તા.૮

રાજ્યના સરકારી તબીબો દ્વારા આરોગ્ય વિષયક માંગણીઓને મુંઝવતા પ્રશ્નો સંદર્ભે કરવામાં આવેલી હડતાળનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યના સરકારી તબીબો અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ સાથે પરામર્શ કરીને સુખદ અંત લાવવામાં આવ્યો છે.

રાજ્યની આરોગ્ય સેવાઓને અવિરત કાર્યરત રાખી ગુજરાત ગવર્નમેન્ટ ડૉકટર્સની માંગણીઓ સંદર્ભે કરાયેલી જોગવાઈઓનું ઝડપી અમલીકરણ કરવામાં આવશે તેમ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

આરોગ્યમંત્રી શ્રી એ જણાવ્યું કે, ગઈ કાલે સરકારી ડૉકટર્સના પ્રશ્નો સંદર્ભે માંગણીઓ સ્વીકારીને રાજ્ય સરકાર દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી હતી જેમાં ૪ થી ૫ બાબતો અંગે તબીબોને મુંઝવણ હતી જેને વિગતવાર ચર્ચા કરી તબીબો સાથે પરામર્શ કરીને દૂર કરવમાં આવી છે.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ સંદર્ભે જણાવ્યું કે, તબીબોની એડહૉક સેવા વિનિયમિત કરી સળંગ ગણવાના પ્રથમ તબક્કામાં ૯૨ અને ૨૨ તબીબી શિક્ષકોના હુકમ ૩૦ મી એપ્રિલ સુધીમાં કરવામાં આવશે.

જી.એમ.ઈ.આર.એસ.ના તબીબોને ન્યુ પેન્શન સ્કીમના લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે ઉપરાંત તબીબોને ક્ર.છ.જી. (કેરી પર એડવાન્સમેન્ટ સ્કીમ) તથા ટીકુ કમીશનનો લાભ ૩૦ જૂન સુધીમાં આપવામાં આવશે.

આરોગ્ય વિભાગ દ્વારા એડહોક ટ્યુટરો અને ડેન્ટલ ટ્યુર્સ ને ૭ માં પગારપંચ નો લાભ આપવામાં હકારાત્મક અભિગમ દાખવીને અલાયદી દરખાસ્ત કરવામાં આવી છે.

રાજ્યના દંતશિક્ષકો અને આયુષના શિક્ષકો, વૈધો માટે N.P.A. માટે અલગથી વિચારણા કરવામાં આવશે.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું કે, તબીબોની માંગણીઓનો સૈધ્ધાંતિક રીતે સ્વીકાર કરીને નિયતસમયમર્યાદામાં નિરાકરણ લાવવા સરકારે સઘન પ્રયાસો હાથ ધર્યા છે.

હડતાળ સમેટાયા બાદ ગુજરાત મેડિકલ ટીસર્ચ એસોશિએશનના પ્રમુખ ડૉ. રજનીશ પટેલે મીડિયા સમક્ષ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની સરકારે રાજ્યના તબીબો પ્રત્યે સંવેદનશીલ અભિગમ દાખવીને તમામ માંગણીઓનો સ્વીકાર કર્યો છે. જે બદલ રાજ્યના તમામ તબીબો વતી સરકારનો શ્રી પટેલે આભાર માન્યો હતો. આરોગ્યમંત્રી શ્રી ના હ્રદયસ્પર્શી અભિગમ અને કોઠાસૂઝના પરિણામે રાજ્યના તબીબોની માંગણીઓને ન્યાય મળ્યો છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતુ.